# પડોશી ધર્મ

– હસમુખ રામદેપુત્રા

એક જગલ હતુ. આ જગલમા લીમડાના એક ઝાડ પર મેનાબહેન અને કાબરબહેન રહેતા હતા. બને વચ્ચે થોડી થોડી મિત્રતા હતી.

એક વાર મેનાબહેન બીમાર પડયા. તેને થયુ લાવ કાબરબહેન પાસેથી કઈક લેતી આવુ !

મેનાએ કાબર પાસે જઈ કહ્યુ, ‘કાબરબહેન, આજે હુ ખૂબ જ બીમાર છુ. મારા બચ્ચાઓ માટે કઈક લાવી આપો.’

કાબરે નારાજ થઈ કહ્યુ, ‘અરે મેનાબહેન, હુ મારા બચ્ચાનુ માડ પૂરુ કરુ છુ ત્યા તમારા બચ્ચા માટે હુ શુ લાવુ ?’



કાબરે મેનાને કઈ મદદ ન કરી. મેના નિરાશ થઈ ગઈ. બે–ત્રણ દિવસ ભૂખ્યા કાઢો નાખ્યા. છતા મેનાના મનમા કોઈ વાતનો રજ નથી.

થોડા દિવસ પછી કાબર બીમાર પડી. તેની મદદે કોઈ ન આવ્યુ.

મેનાને ખબર પડી કે કાબર બીમાર છે. તે તરત જ કાબર પાસે ગઈ અને તેની સેવામા લાગી ગઈ. બે–ત્રણ દિવસ સુધી મેનાએ કાબરબહેન અને તેના બચ્ચાઓની સેવા કરી.

મેનાની ભલાઈ જોઈ કાબર રડવા લાગી. તેને પસ્તાવો થયો. તેણે કહ્યુ, ‘મેનાબહેન, મે તમને દુઃખમા મદદ ન કરી; પરતુ તમે મારા દુઃખમા ભાગ લીધો. મને શરમ થાય છે.’

મેનાએ હસતા હસતા કહ્યુ, 'અરે કાબરબહેન, પડોશી ધર્મ છે એ આપણે એકબીજાની મદદ કરવી જોઈએ. સુખ–દુઃખમા ભાગ લેવો જોઈએ. તમે બીમાર હતા તેથી મારે તમારી સેવા કરવી જોઈએ. પડોશી માટે ભલાઈનુ કામ કરવુ જોઈએ.

કાબરે કહ્યુ, 'મેનાબહેન, હવે હુ પણ તમને દુઃખના સમયે મદદ કરીશ.'

ત્યારથી કાબર અને મેના સાચા પડોશી બની ગયા !

■